# બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા

## બાળ સત્સંગ પરીક્ષા કાર્યાલય

### બાળ - ૧ : પ્રેક્ટિસ પેપર - ૧૦

### જવાબપત્ર - ૧૦

**સમય : ૨ કલાક**
**કુલ ગુણ : ૧૦૦**

**પ્ર.૧ કૌંસમાં આપેલા શબ્દોમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી ખાલી જગ્યા પૂરો. [૧૦]**

**વિભાગ-અ**

**(સ્વામિનારાયણ, વડતાલ, ૧૮૩૭, વિઠોબા, બાશી, ૧૭૮૧)**

**૧.** ઘનશ્યામનો જન્મ સંવત **૧૮૩૭** માં થયો હતો.

**૨.** **વડતાલ** માં મહારાજે શિક્ષાપત્રી ગ્રંથ લખ્યો.

**૩.** અમદાવાદના સૂબાનું નામ **વિઠોબા** હતું.

**૪.** દેવીએ મગનીરામને **સ્વામિનારાયણ** ને શરણે જવાનું કહ્યું.

**૫.** નીલકંઠે **બાશી** ગામમાં પોતાની વાણીને શાપ આપ્યો.

**વિભાગ-બ**

**(ધર્મ, મુક્તાનંદ, ગુણાતીતાનંદ, અભ્યાસ, મંદિર, નિજમંદિર)**

**૬.** 'સ્વામીની વાતો' એટલે **ગુણાતીતાનંદ** સ્વામીની વાતો.

**૭.** 'જય સદ્‌ગુરુ સ્વામી' આરતી **મુક્તાનંદ** સ્વામીએ બનાવી છે.

**૮.** **અભ્યાસ** થી સૌના પ્રિય બનાય છે.

**૯.** ધર્મમ્ ચર એટલે **ધર્મ** નું આચરણ કરો.

**૧૦.** જ્યાં મૂર્તિઓ પધરાવાય છે તેને **નિજમંદિર** કહેવાય.

**પ્ર.૨ નીચેના આપેલા ખરા વાક્યની સામે '✓' ની નિશાની કરો અને ખોટા વાક્યની સામે 'X' ની નિશાની કરો. [૧૦]**

| | | | |
|---|---|---|---|
| ૧. | આજે પણ મહારાજ ભક્તોને અંતકાળે તેડવા આવે છે. | ૧. | ✓ |
| ૨. | જયરામદાસના મિત્રનું નામ કૃષ્ણ તંબોળી હતું. | ૨. | ✓ |
| ૩. | જોબનપગી એક મોટો સોદાગર હતો. | ૩. | X |
| ૪. | દરરોજ માતા-પિતાને વંદન કરવા જોઈએ. | ૪. | ✓ |
| ૫. | 'રુ' એટલે અંધકાર. | ૫. | X |
| ૬. | મહારાજના સાધુઓ પૈસાને અડે નહિ. | ૬. | ✓ |
| ૭. | રામાનંદ સ્વામીએ વર્ણીને દીક્ષા આપી નારાયણમુનિ નામ પાડ્યું. | ૭. | ✓ |
| ૮. | મુક્તાનંદ સ્વામીએ કહ્યું, ''ગુરુની આજ્ઞા સમજી ગાદી સંભાળો.'' | ૮. | X |
| ૯. | મહારાજે જુનાગઢની સવારી પ્રસંગે કાકડી ખાધી. | ૯. | ✓ |
| ૧૦. | રામાનંદ સ્વામીએ સહજાનંદ સ્વામી પાસે બે વરદાન માગ્યા. | ૧૦. | X |

**પ્ર.3 નીચેના પ્રશ્નોના જવાબ માટે સાચો વિકલ્પ પસંદ કરી ચોરસ ખાનામાં જવાબ નંબર લખો. [૪૦]**

૧. આપણાં ઈષ્ટદેવ કોણ છે ?

(૧) પ્રમુખસ્વામી **(૨) સહજાનંદ સ્વામી** (૩) ભગવાન શ્રીરામ — ૧. ૨

૨. ઘનશ્યામે કેટલા વર્ષની ઉંમરે ગૃહત્યાગ કર્યો ?

**(૧) ૧૧** (૨) ૯ (૩) ૧૫ — ૨. ૧

૩. મહારાજે મગનીરામને દીક્ષા આપી કહ્યું નામ પાડ્યું ?

**(૧) અદ્વૈતાનંદ સ્વામી** (૨) આત્માનંદ સ્વામી (૩) અદ્ભુતાનંદ સ્વામી — ૩. ૧

૪. પાંચડે પાંચ ................ નાવે આંચ.

(૧) ધર્મમાં **(૨) ભક્તિમાં** (૩) વૈરાગ્યમાં — ૪. ૨

૫. જ્યાં હરિ હોય ત્યાં શું ન હોય ?

(૧) અંધકાર (૨) માંદગી **(3) વહેમ** — ૫. 3

૬. વિદ્વાનોની સભાના અધ્યક્ષ કોણ હતા ?

(૧) ઘનશ્યામ (૨) શંકરાચાર્ય **(3) ધર્મદેવ** — ૬. 3

૭. રામાનંદ સ્વામીએ નીલકંઠને ક્યારે દીક્ષા આપી ?

**(૧) સંવત ૧૮૫૭માં** (૨) સંવત ૧૮૫૮માં (૩) સંવત ૧૮૬૦માં — ૭. ૧

૮. ઘનશ્યામની પરીક્ષા લેવા કેટલી વસ્તુ પાટલા ઉપર મૂકી હતી ?

(૧) બે **(૨) ત્રણ** (૩) પાંચ — ૮. ૨

૯. રામાનંદ સ્વામીએ સહજાનંદ સ્વામીને કયા ગામમાં ગાદી સોંપી ?

(૧) જેતલપુરમાં **(૨) જેતપુરમાં** (૩) પીપલાણામાં — ૯. ૨

**૧૦.** ઘનશ્યામ કયા મંદિરમાં રામાયણની કથા સાંભળતા હતા ?

(૧) રામજીના **(૨) હનુમાનજીના** (૩) સ્વામિનારાયણના **૧૦.** | ૨ |

**૧૧.** છડી સવારીએ બાળક મહારાજને શું આપવા આવ્યો ?

(૧) ચીકૂ (૨) કેળા **(૩) કાકડી** **૧૧.** | ૩ |

**૧૨.** છાણીના તેજાભાઈ તથા મંડળીએ કયા તળાવનું ખોદકામ કરેલું ?

**(૧) ગોમતી** (૨) દૂધા (૩) ખાંપા **૧૨.** | ૧ |

**૧૩.** જોબનને વડોદરાના મહારાજાએ શું બાંધી આપ્યું ?

(૧) મકાન **(૨) વર્ષાસન** (૩) મંદિર **૧૩.** | ૨ |

**૧૪.** ગાદીએ બેસાડવાના ઉત્સવને શું કહે છે ?

(૧) પાટોત્સવ **(૨) પટ્ટાભિષેક** (૩) મહોત્સવ **૧૪.** | ૨ |

**૧૫.** મહારાજે કેવા યજ્ઞો કરાવ્યા ?

(૧) અશ્વમેઘ **(૨) અહિંસક** (૩) રાજસુય **૧૫** | ૨ |

**૧૬.** હરિભક્તોના શરીરે લાગેલા ગારાને મહારાજે શેનો લેપ કહ્યો ?

**(૧) ચંદનનો** (૨) મલમનો (૩) કેસરનો **૧૬.** | ૧ |

**૧૭.** 'અતિથિ દેવો ભવ' આવું કોણ શીખવે છે ?

**(૧) વેદો** (૨) સંતો (૩) શાસ્ત્રો **૧૭.** | ૧ |

**૧૮.** શ્રીજી મહારાજ ક્યારે ધામમાં ગયા ?

(૧) સંવત ૧૮૩૦માં **(૨) સંવત ૧૮૮૬માં** (૩) સંવત ૧૮૮૧માં **૧૮.** | ૨ |

**૧૯.** કયા ગ્રંથમાં મહારાજે હિંસા ન કરવાનું કહ્યું છે ?

**(૧) શિક્ષાપત્રી** (૨) વચનામૃત (૩) સ્વામીની વાતો **૧૯.** | ૧ |

**૨૦.** કોની ઈચ્છા વગર કોઈ સાજું-માંદું થતું નથી ?

(૧) ભૂવાની (૨) ભગતની **(૩) પરમાત્માની** **૨૦.** | ૩ |

**૨૧.** કેટલા વર્ષની ઉંમરે ઘનશ્યામે પંડિતોની સભા જીતી ?

(૧) ૯ **(૨) ૧૦** (૩) ૭ **૨૧.** | ૨ |

**૨૨.** જયરામદાસને નીલકંઠના દર્શન છેલ્લે ક્યાં થયા ?

**(૧) લોજમાં** (૨) માંગરોળમાં (૩) છપૈયામાં **૨૨.** | ૧ |

**૨૩.** સાધુઓ ધ્યાનમાં બેઠા ત્યારે ઝાડ ઉપરથી શું પડ્યું ?

(૧) પક્ષીનો માળો (૨) અજગર **(૩) સાપ** **૨૩.** | ૩ |

**૨૪.** શિક્ષાપત્રી એટલે ?

**(૧) દર્પણ** (૨) સ્વાધ્યાયપોથી (૩) ધર્મપ્રતીક **૨૪.** | ૧ |

**૨૫.** ઘનશ્યામના જન્મથી કયુ ગામ તીર્થ બની ગયું ?

(૧) અયોધ્યા **(૨) છપૈયા** (૩) મથુરા **૨૫.** | ૨ |

**૨૬.** કયા બ્રાહ્મણને મહારાજે ફરીવાર સજીવન કર્યો ?

**(૧) પ્રાણવલ્લભ** (૨) સિધ્ધવલ્લભ (૩) અમૃતવલ્લભ **૨૬.** **૧**

**૨૭.** રામપ્રતાપભાઈએ ગુજરાતમાં ઘનશ્યામને કયા રૂપે જોયા ?

(૧) નારાયણ **(૨) સહજાનંદ** (૩) નીલકંઠ **૨૭.** **૨**

**૨૮.** નીલકંઠ વર્ણીએ કેટલા વર્ષ વન-વિચરણ કર્યું ?

(૧) ૧૧ **(૨) ૭** (૩) ૯ **૨૮.** **૨**

**૨૯.** પંઢરપુરના ભક્ત કોણ થઈ ગયા ?

**(૧) પુંડરીક** (૨) ખુશાલ ભટ્ટ (૩) મીરાબાઈ **૨૯.** **૧**

**૩૦.** ઝાડને ઠુંઠું કરવા પિબકે શેના દાણા ઝાડ પર નાંખ્યા ?

**(૧) અડદના** (૨) મગના (૩) જઉંના **૩૦.** **૧**

**૩૧.** અંતકાળે મહારાજે જૂનાગઢથી કોને બોલાવ્યા ?

**(૧) ગુણાતીતાનંદ સ્વામીને** (૨) મુક્તાનંદ સ્વામીને (૩) બ્રહ્માનંદ સ્વામીને **૩૧.** **૧**

**૩૨.** ઘનશ્યામે ગૃહત્યાગ ક્યારે કર્યો ?

**(૧) અષાઢ સુદ દશમ** (૨) જેઠ સુદ દશમ (૩) ચૈત્ર સુદ દશમ **૩૨.** **૧**

**૩૩.** ભગતજી મહારાજના ગુરુ કોણ ?

(૧) શાસ્ત્રીજી મહારાજ **(૨) ગુણાતીતાનંદ સ્વામી** (૩) સહજાનંદ સ્વામી **૩૩.** **૨**

**૩૪.** કાશીના રાજાની સભામાં શું પ્રશ્ન થયો ?

**(૧) જ્ઞાન મોટું કે ભક્તિ** (૨) જ્ઞાન મોટું કે ધર્મ (૩) ભક્તિ મોટું કે વૈરાગ્ય **૩૪.** **૧**

**૩૫.** મહારાજની ઘોડીનું નામ શું હતું ?

**(૧) માણકી** (૨) ચેતક (૩) કેસર **૩૫** **૧**

**૩૬.** નીલકંઠને મળેલા રીંછનું નામ શું હતું ?

(૧) જાંબુરાજ **(૨) જાંબુવાન** (૩) જાંબુદેવ **૩૬.** **૨**

**૩૭.** રામાનંદ સ્વામીએ મહારાજને પોતાની ગાદી ક્યારે આપી ?

(૧) કારતક વદ - ૧૧ **(૨) કારતક સુદ - ૧૧** (૩) ચૈત્ર સુદ - ૧૧ **૩૭.** **૨**

**૩૮.** જ્ઞાનીનું નિશાન શું છે ?

(૧) સોનામહોર (૨) છરી **(૩) ગ્રંથ** **૩૮.** **૩**

**૩૯.** મહારાજ કોની પેઠે અજવાળું આપે છે ?

**(૧) સૂરજની** (૨) મીણબત્તીની (૩) વીજળીની **૩૯.** **૧**

**૪૦.** મહારાજે શીતલદાસને કયો મંત્ર આપ્યો ?

(૧) શ્રી કૃષ્ણનો **(૨) સ્વામિનારાયણનો** (૩) નરનારાયણનો **૪૦.** **૨**

**પ્ર.૪ નીચેનાં આપેલા પ્રશ્નોનાં એક થી બે લીટીમાં (ઉત્તર) જવાબ લખો. [૧૦]**

૧. ઘનશ્યામ કેવી રીતે ભણ્યા ?

**જ. ઘનશ્યામ શાંતિથી સાંભળતા અને જે તેને ભણાવવામાં આવતું તે તરત જ યાદ રહી જતું.**

૨. પિબેકે સાધુઓને શું ખાવા માટે કહ્યું ? / બળજબરી કરી કહ્યું ?

**જ. પિબેકે સાધુઓને બળજબરીથી માંસ અને દારૂ ખાવા માટે કહ્યું.**

૩. કયા ગામમાં મહારાજની સવારી નીકળી હતી ?

**જ. મહારાજની સવારી જુનાગઢમાં નીકળી હતી.**

૪. મહારાજે અંતકાળે કોને જુનાગઢ બોલાવ્યા ?

**જ. મહારાજે અંતકાળે ગુણાતીતાંદ સ્વામીને જુનાગઢ બોલાવ્યા.**

૫. મહારાજે શિક્ષાપત્રીમાં શું વચન આપ્યું ?

**જ. મહારાજે શિક્ષાપત્રીમાં વચન આપ્યું કેજે કોઈ આ શિક્ષાપત્રી પ્રમાણે વર્તશે તે આ લોકને પરલોકમાં સુખી થશે.**

૬. અયોધ્યામાં ઘનશ્યામને કયા મંદિર વધુ ગમતાં ?

**જ. અયોધ્યામાં ઘનશ્યામને રામજીમંદિર અને હનુમાનજી વધુ ગમતાં.**

૭. કાશીના વિદ્વાનોએ ઘનશ્યામ માટે શું કહ્યું ?

**જ. કાશીના વિદ્વાનો બોલી ઉઠ્યા : ધન્ય છે આ છોકરાને ! કોણ છે આ છોકરો ? શું એ પૃથ્વીલોકનો વાસી છે કે સ્વર્ગમાંથી ઉતરી આવેલ દેવ છે ?**

૮. મગનીરામે શ્રીજીમહારાજ પાસે કેટલા પૈસા માંગ્યા ?

**જ. મગનીરામે શ્રીજીમહારાજ પાસે દસહજાર રૂપિયા માંગ્યા.**

૯. મંદિરના આગળના ભાગમાં સીડીથી ઉપર ચઢતાં બે નાના દેરી હોય છે તેમાં કોની મૂર્તિઓ હોય છે ?

**જ. મંદિરના આગળના ભાગમાં સીડીથી ઉપર ચઢતાં બે નાના દેરી હોય છે તેમાં હનુમાનજી તથા ગણપતિજીની મૂર્તિ હોય છે.**

૧૦. બાવા ઘનશ્યામને શા માટે નીલકંઠર્ણીના નામેથી બોલાવતા ?

**જ. જેવી રીતે ભગવાન શિવજી હળાહળ ઝેર પી ગયાને નીલકંઠ બન્યા, તેમ નીલકંઠે તેમનો ભય પી ગયા હતા, તેથી તેમને નીલકંઠ વર્ણી કહીને બોલાવતા.**

**પ્ર.૫ નીચેની સ્વામીની વાતો પૂરી કરો.** **[૧૦]**

૧. ગાફલાઈ ટાળવાનું.....

**જ. ગાફલાઈ ટાળવાનું કારણ એ છે જે ખટકો રાખે તો ટળે ને બીજો ઉપાય તો કોઈક શિક્ષા કરે ત્યારે ટળે.**

૨. કેટલેક રૂપિયે આંખ કાન.....

**જ. કેટલેક રૂપિયે આંખ, કાન, નાક આદિક ઇંદ્રિયું મળે નહિ તે ભગવાને આપ્યાં છે, પણ જીવ કેવળ કૃતઘ્ની છે.**

૩. કરોડ કામ બગાડીને.....

**જ. કરોડ કામ બગાડીને પણ એક મોક્ષ સુધારવો ને કદાપિ કરોડ કામ સુધાર્યાં ને એક મોક્ષ બગાડ્યો તો તેમાં શું કર્યું ?**

૪. આપણે તો અક્ષરધામમાં.....

**જ. આપણે તો અક્ષરધામમાં જાવું છે એવો એક સંકલ્પ રાખવો.**

૫. નિરંતર સર્વ ક્રિયામાં.....

**જ. નિરંતર સર્વ ક્રિયામાં પાછું વળીને જોવું જે, મારે ભગવાન ભજવા છે ને હું શું કરું છું ? એમ જોયા કરવું.**

**પ્ર.૬ નીચે આપેલ કીર્તન/અષ્ટક/શ્લોકની ખૂટતી કડીઓ પૂરી કરો.** **[૧૦]**

૧. આઠડે આઠ ......... અક્ષરધામમાં જવાય.

**જ. આઠડે આઠ, મૂકી દે જગનો ઠાઠ....મારા બંધુ**
**નવડે નવ, તરી જા તું આ ભવ....મારા બંધુ**
**એકડે મીંડે દસ, અધર્મમાંથી ખસ....મારા બંધુ**
**એવી રીતે ભજાય, તો અક્ષરધામમાં જવાય....મારા બંધુ**

૨. ૐ સહ નાવવતુ ......... ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ।

**જ. ૐ સહ નાવવતુ સહ નૌ ભુનક્તુ સહ વીર્યં કરવાવહૈ ।**
**તેજસ્વિ નાવધીતમસ્તુ મા વિદ્વિષાવહૈ ॥**
**ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ।**

૩. પુરુષોત્તમ પ્રગટનું ......... સુગમ કરી સીધી.

**જ. પુરુષોત્તમ ગટનું જે દર્શન કરશે; (૨)**
**કાળ કર્મથી છૂટી (૨) કુટુંબ સહિત તરશે....જય૦**
**આ અવસર કરુણાનિધિ કરુણા બહુ કીધી; (૨)**
**મુક્તાનંદ કહે મુક્તિ (૨) સુગમ કરી સીધી....જય૦**

૪. માતાપિતાને પાયે ......... રાખો ચરણે અમને.

**જ. માતાપિતાને પાયે પડશું, સંતજનોને ચરણે નમશું,**

**દેવ મંદિરે દર્શન કરશું, દંડવત્ કરશું, કીર્તન કરશું....અક્ષર૦ ૩**

**અક્ષરને મન ભાવ્યા અમે, પુરુષોત્તમને જાણ્યા અમે,**

**વંદન કરીએ ગુરુજી તમને, સદાય રાખો ચરણે અમને....અક્ષર૦ ૪**

૫. ગુરુર્બ્રહ્મા ......... શ્રી ગુરવે નમઃ ॥

**જ. ગુરુર્બ્રહ્મા ગુરુર્વિષ્ણુઃ ગુરુર્દેવો મહેશ્વરઃ ।**

**ગુરુઃ સાક્ષાત્ પરં બ્રહ્મ તસ્મૈ શ્રી ગુરવે નમઃ ॥**

**પ્ર.૭ નીચેના કોઈપણ એક વિષય પર ટૂંકનોંધ લખો. (૧૦ થી ૧૨ લીટીમાં)** **[૧૦]**

**૧.** ‘રે મારી વાણી નિષ્ફળ જજો’ આવું મહારાજે શાથી કહ્યું?

**૨.** કાલીદત્ત કેવી રીતે મર્યો?

**૩.** વેદો આપણને શું શીખવે છે?